

**બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે –**

**इह हि इक्ष्वाकुकुलवंशोद्भवेन नाभिसुतेन**
**मरुदेवानन्दनमहादेवेन दशप्रकारो धर्मः**
**स्वयमेव चीर्णः केवलज्ञानलाभाच्च प्रवर्त्तितः।**

ઇક્ષ્વાકુ કુળ-વંશમાં જન્મ લેનારા નાભિના પુત્ર મરુદેવાના નંદન મહાન દેવ
શ્રી આદિનાથ દાદાએ સ્વયં ક્ષમા, મૃદુતા, સરળતા વગેરે
દશ પ્રકારનો શ્રમણધર્મ પોતે આચર્યો અને
કેવલજ્ઞાન-સર્વજ્ઞતા પામીને પ્રવર્તાવ્યો.

**યોગવાસિષ્ઠમાં કહ્યું છે –**

**नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।**
**शांतिमास्थातुमिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥**

*નથી હું રામ કે નથી મને ઇચ્છા.*
*સાંસારિક વસ્તુઓમાં મારું મન નથી.*
*હું તો જિનેશ્વર ભગવાનની જેમ મારા આત્મામાં જ શાંતિપૂર્વક*
*પ્રતિષ્ઠિત થવા માંગું છું.*

**સ્કંદપુરાણમાં કહ્યું છે –**

**परमात्मानमात्मानं, लसत्केवलनिर्मलम् ।**
**निरञ्जनं निराकारं, ऋषभं तु महाऋषिम् ॥**

શ્રી ઋષભદેવ-આદિનાથ દાદા એ પરમાત્મા છે.
ઉજ્જવળ કેવલજ્ઞાનથી એમનો આત્મા નિર્મળ છે.
એ નિરંજન અને નિરાકાર પણ છે અને મહાઋષિ પણ છે.

# આ છે ગિરિરાજ અમારો



જ્યાં દાદા આદિનાથ પૂર્વ નવ્વાણું વાર પધાર્યા.
જેના કણ કણથી અનંતા આત્માઓ મોક્ષે સિધાવ્યા.
જેના ભાવથી દર્શન કરો અને પાપો ધોવાઈ જાય
જેને ભાવથી વંદન કરો અને કષ્ટો દૂર થઈ જાય
જેની વિધિપૂર્વક આરાધના કરો અને પૈસાની રેલમછેલ થઈ જાય
જેનું નાનું પણ અપમાન કરો ને દુઃખોના ડુંગર તૂટી પડે,
જેનું નાનું પણ સન્માન કરો ને જીવનમાં સુખ-શાંતિ છવાઈ જાય
એ છે આ શાશ્વત, એ છે આ પરમપાવન ભૂમિ
આ છે ધરતીનો સિતારો, અમ સહુની આંખનો તારો
સૌરાષ્ટ્રના ખોળે દુલારો, સૌ સાથે બોલીએ નારો
આ છે ગિરિરાજ અમારો



**આયોજક**
**શ્રી શત્રુંજય ગિરિરાજ યુવક મંડળ**

**માર્ગદર્શક**
**શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી**




મારી આંખોમાં આદિનાથ આવજો રે
હું તો પાંપણના પુષ્પે વધાવું
હું તો આંસુના ફૂલડે વધાવું

**દાદા આદિનાથ એટલે પ્રાચીન ભારતના બધા જ ધર્મોના આદરણીય ઈષ્ટદેવતા**



**તૈત્તિરીયારણ્યક ઉપનિષદ માં અને શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે.**

વાસુદેવે આઠમો અવતાર નાભિ અને મરુદેવીને ત્યાં લીધો. ત્યાં તેઓ ઋષભ નામે પધાર્યા અને સર્વ આશ્રમોને માન્ય એવો માર્ગ બતાવ્યો. ઋષભના ૧૦૦ પુત્રો હતા. બધા ય બ્રહ્મવિદ્યાના પારગામી હતા. એમના નવ પુત્રો આધ્યાત્મવિદ્યા-વિશારદ હતા. એમના મોટા પુત્ર ભરત એક મહાયોગી હતા.
શ્રીમદ્ભાગવત ૧/૩/૧૩, ૧૧/૨/૧૬ , ૧૧/૨/૨૦, ૫/૪/૯



**બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે -**

**नाभिस्तु जनयेत् पुत्रं, मरुदेव्यां मनोहरम् ।**
**ऋषभं क्षत्रियं श्रेष्ठं, सर्वक्षत्रस्य पूर्वजम् ॥**



નાભિએ મરુદેવીમાં મનોહર પુત્ર ઋષભને જન્મ આપ્યો.
જે શ્રેષ્ઠ ક્ષત્રિય પણ હતા અને બધા ક્ષત્રિયોના પૂર્વજ પણ હતા.




**પ્રભાસપુરાણમાં કહ્યું છે -**

**रैवताद्रौ जिनो नेमि-र्युगादिर्विमलाचले ।**
**ऋषीणामाश्रमादेव, मुक्तिमार्गस्य कारणम् ॥**



ગિરનારમાં શ્રી નેમિનાથ જિનેશ્વર અને
શત્રુંજયમાં દાદા શ્રી આદિનાથ ભગવાન મોક્ષમાર્ગના કારણ છે.
કારણ કે તેઓ જ ઋષિઓના પણ શરણ છે.



**નાગપુરાણમાં કહ્યું છે -**

**अष्टषष्टिसु तीर्थेषु यात्रया यत् फलं भवेत् ।**
**आदिनाथस्य देवस्य स्मरणेनापि तद् भवेत् ॥**



અડસઠ તીર્થોમાં જાત્રા કરવાથી જે ફળ મળે,
તે ફળ શ્રી આદિનાથ ભગવાનના સ્મરણથી પણ મળે છે.

## સ્વચ્છ જીવન સંકલ્પ



૧) હું કદી પણ રસ્તા પર કે જાહેરસ્થાને કચરો નહીં ફેકું.
૨) જેને એકવાર વાપરીને ફેંકી દેવાની હોય, એવી વસ્તુઓ હું નહીં વાપરું.
૩) હું કદી પણ ગંદી ગાળો નહીં બોલું.
૪) હું કદી પણ દારૂ અને માંસ નહીં ખાઉં.
૫) હું કદી પણ ગંદું કામ નહીં કરું.
૬) હું કદી પણ ગંદા વિચારો નહીં કરું.
૭) હું હંમેશા મારા વિચાર, વાણી અને વર્તનને પવિત્ર બનાવીશ.
૮) હું મા-બાપ, દાદા-દાદી, કાકા-કાકી વગેરે વડીલો અને શિક્ષકોને રોજ પગે લાગીશ અને તેમનું કહ્યું માનીશ.
૯) જે દિવસે મેં મા-બાપની પાંચ મિનિટ પણ સેવા નહીં કરી હોય, એના બીજા દિવસે હું એક ટંકનું ભોજન છોડી દઈશ.
૧૦)હું મા-બાપના છેલ્લા શ્વાસ સુધી એમની સાથે રહીશ અને એમની સરસ સેવા કરીશ.

## જીવન મંગળ માટે ગુરુદેવશ્રીનો સંદેશ

(આજે આટલું કરો.)



| | |
|---|---|
| સોમવાર | સૌમ્ય બનો. ચાહે ગમે તે થાય. ગુસ્સો ન કરો. |
| મંગળવાર | મધુર બનો. એકદમ સાકર જેવું. મીઠું મીઠું બોલો. |
| બુધવાર | બહાદુર બનો. ગમે તેવું કષ્ટ આવે, ગભરાઓ નહીં. |
| ગુરુવાર | ગુમાન છોડો. ખૂબ જ વિનીત અને નમ્ર બનો. |
| શુક્રવાર | સજ્જન બનો. જે તમારું બૂરું કરે એનું ય ભલું કરો. |
| શનિવાર | સંવેદનશીલ બનો. બીજાના દુઃખને પોતાનું માની તેને દૂર કરો. |
| રવિવાર | રાજા બનો. નિઃસ્પૃહ બનો. જેને કશું નથી જોઈતું એ રાજા છે. |

## પવિત્ર ગિરિરાજ સંકલ્પ

**હું સંકલ્પ કરું છું કે**

૧) પવિત્ર ગિરિરાજ પર હું કદી પણ મળ-મૂત્ર નહિ કરું અને થૂંકીશ પણ નહીં.
૨) પવિત્ર ગિરિરાજની એક કાંકરીને પણ આઘી-પાછી નહીં કરું.
૩) પવિત્ર ગિરિરાજનું એક પાંદડું પણ હું તોડીશ નહીં.
૪) પવિત્ર ગિરિરાજનો મહિમા હું બીજાને પણ સમજાવીશ અને પવિત્ર ગિરિરાજનું અપમાન થતા રોકીશ.
૫) પવિત્ર ગિરિરાજની સ્વચ્છતા અને જાળવણીમાં હું મારું યોગદાન જરૂર આપીશ.
૬) પવિત્ર ગિરિરાજની બધી દિશામાં ૫૦ કિ.મી સુધી હું એક કીડીને પણ મારીશ નહી અને બધા જીવો માટે કરુણા ભાવના રાખીશ.

**મારો આ સંકલ્પ મારા જીવનમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ આપનારો બની રહેશે.**

**સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી**
**જિનજી પ્યારા, આદિનાથને વંદન અમારા**

(શત્રુંજય ગિરિરાજના નિવાસી, પ્યારા જિનેશ્વર ભગવાન શ્રી આદિનાથ દાદાને અમારા વંદન હોજો. )

## શ્રી આદિનાથ દાદાની પ્રાર્થના



દયા સિન્ધુ દયા સિન્ધુ
દયા કરજે દયા કરજે
મને આ જંજીરોમાંથી હવે જલ્દી છૂટો કરજે
નથી આ તાપ સહેવાતો
ભભૂકી કર્મની જવાળા
વરસાવી પ્રેમની ધારા હૃદયની આગ બૂઝવજે
દયા સિન્ધુ દયા સિન્ધુ
દયા કરજે દયા કરજે



## શ્રી આદિનાથ દાદાનો મંત્ર

**ૐ શ્રી શત્રુંજયમંડન ઋષભદેવાય નમ:**

## મંત્ર જપ-વિધિ

શ્રી શત્રુંજય ગિરિરાજની દિશામાં મોઢું રાખી
પદ્માસનમાં બેસી દાદા આદિનાથ ભગવાનને
મનમાં રાખીને એકાગ્ર મનથી શુદ્ધ ભાવથી
રોજ ૧૦૮ વાર આ મંત્ર ગણવાથી
બધી મનોકામનાઓ પૂરી થાય છે.

## શ્રી આદિનાથ દાદાનો સંકલ્પ



હે આદિનાથ દાદા !
આપની કૃપાથી આખી દુનિયાનું કલ્યાણ થાઓ.
બધા જીવોના દુઃખો, દોષો દૂર થાઓ.
બધા જીવો પરોપકાર કરવામાં તત્પર થાઓ.
બધા જીવો સુખી થાઓ.
બધા જીવો સુખી થાઓ.
બધા જીવો સુખી થાઓ.



મહુવા, ભાવનગર, સરતાનપુર વગેરે બંદરોમાં
ખારવાભાઈઓ પૂર્વકાળથી ગાતા આવ્યા છે તે

## હંબેલ ગીત

ધુમસા રે ધુમસા, હાલિયા માલે ધુમસા
કોના તે વ્હાણ સે, હાલિયા માલે ધુમસા
જગતસાના વ્હાણ સે, હાલિયા માલે ધુમસા
કોના તે માલ સે, હાલિયા માલે ધુમસા
આદેસરનો માલ સે, હાલિયા માલે ધુમસા
(આદેસર = આદેશ્વરદાદા )
દાદા આદિનાથ પ્રત્યેની આ ભક્તિને શત શત વંદન



## મહુવા તાલુકાના પટેલોનું લોક-ગીત

આખાયે વાળાક પંથકની પટેલ કોમના લગ્ન-ગીતોમાં
આ પ્રભાતિયું સૌ પ્રથમ ગવાય છે.

સરી પરભાતે સરી, પ્રભુને સમરીએ રે,
લેજો લેજો ચારે દેવના નામ,
હરિ નમો નમો નારાયણ રે...૧
ઉગમણેથી સૂરજદેવને સમરીયે રે,
આથમણાં છે દ્વારકેશના રાજ,
હરિ નમો નમો નારાયણ રે...૨
ઓતરાદાથી આદેસરને સમરીએ રે,
દખણાદા છે દરિયાદેવના રાજ,
હરિ નમો નમો નારાયણ રે...૩

અહી ઉત્તરમાં દાદા આદેશ્વરને યાદ કર્યા છે. કારણ કે મહુવાથી પાલીતાણા ઉત્તરમાં છે.
દાદા આદિનાથ પ્રત્યેની આ શ્રદ્ધાને નત મસ્તકે વંદના



**સ્કંદપુરાણ કહે છે –**

**स्पृष्ट्वा शत्रुंजयं तीर्थं, नत्वा रैवतकाचलम्।**
**स्नात्वा गजपदे कुंडे, पुनर्जन्म न विद्यते।।**

જેણે શત્રુંજય તીર્થનો ભાવથી સ્પર્શ કર્યો, ગિરનાર તીર્થને ભાવથી વંદન કર્યા અને
ગજપદ કુંડે સ્નાન કર્યું, એને ફરી ફરી જન્મ-મરણ કરવા પડતા નથી.

**શિવપુરાણમાં કહ્યું છે –**

**कैलासे पर्वते रम्ये, वृषभोऽयं जिनेश्वरः ।**
**चकार स्वावतारं यः, सर्वज्ञः सर्वगः शिवः ।**

રમણીય કૈલાસ પર્વત પર
આ ઋષભ જિનેશ્વર – દાદા શ્રી આદિનાથ ભગવાને
પોતાનું અવતરણ કર્યું.
એ સર્વજ્ઞ, સર્વગામી અને શિવસ્વરૂપી છે.

**અગ્નિપુરાણમાં કહ્યું છે –**

**ऋषभो मरुदेव्याश्च, ऋषभाद् भरतोऽभवत् ।**
**भरताद् भारतं वर्षं, भरतात् सुमतिस्त्वभूत् ।।**

મરુદેવી માતાથી ઋષભદેવ આદિનાથ દાદા જન્મ્યા.
આદિનાથ દાદાના પ્રથમ પુત્ર ભરત મહારાજા હતા.
ભરત મહારાજના નામથી આ દેશ ભારત કહેવાયો.
ભરતથી સુમતિનો જન્મ થયો.




**ઋગ્વેદમાં કહ્યું છે –**

**अर्हन्ता चित्पुरो दधेंऽश्वेव देवावर्वते**

જેમ સુરજ કિરણોને ધારણ કરે છે,
તેમ અરિહંત ભગવાન જ્ઞાનને ધારણ કરે છે.



**મનુ સ્મૃતિમાં કહ્યું છે –**

**मरुदेवश्च नाभिश्च, भरते कुलसत्तमाः ।**
**अष्टमो मरुदेव्यां तु, नाभेर्जात उरुक्रमः ।।**
**दर्शयन् वर्त्म वीराणां, सुरासुरनमस्कृतः ।**
**नीतित्रयाणां कर्ता यो, युगादौ प्रथमो जिनः ।।**

મરુદેવ અને નાભિ ભરતક્ષેત્રમાં કુલકર હતા.
અષ્ટમ-મરુદેવીમાં નાભિ દ્વારા વિશાળ ચરણવાળા
શ્રીઆદિનાથ દાદાનો જન્મ થયો,
એમણે વીરોનો માર્ગ દેખાડ્યો.
એમને દેવો અને દાનવોએ નમસ્કાર કર્યો.
એમણે ત્રણ નીતિઓનું સર્જન કર્યું.
એ હતા યુગની આદિમાં પ્રથમ જિનેશ્વર ભગવાન.